# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

**************************************************

1) પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે પ્રચાર આજે સાંજે સમાપ્ત થશે

2) સિક્કિમના 50 વર્ષની ઉજવણીના સમાપન સમારોહમાં ભાગ લેવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સિક્કિમની બે દિવસની મુલાકાતે ગંગટોક પહોંચશે

3) આમ આદમી પાર્ટીના સાત સાંસદો ભાજપમાં સામેલ થતા રાજ્યસભામાં પક્ષની સંખ્યા વધીને 113 પર પહોંચી

4) આન્ધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ અધિકારીઓ અને ઓઇલ માર્કેટિંગ કંપનીઓને ઇંધણનો પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવા તાકિદ કરી

5) ઈરાન સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘર ગાલિબાફે જણાવ્યું હતું કે ઈરાન હજુ પણ અમેરિકા સામે લડવા સક્ષમ છે

6) શૂટિંગમાં, ભારતીય શૂટર્સે કૈરોમાં ISSF જુનિયર વર્લ્ડ કપ 2026માં 16 ચંદ્રક સાથે ટોચનું સ્થાન મેળવ્યું

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# WEST BENGLA CAMPAIGN

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે પ્રચાર આજે સાંજે સમાપ્ત થશે. આ મહિનાની 29મી તારીખે કુલ 142 બેઠકો પર મતદાન થશે. બીજા તબક્કામાં મતદાન થનારા વિધાનસભા ક્ષેત્રોમાં કોલકાતા ઉત્તર, કોલકાતા દક્ષિણ, હાવડા, નાદિયા, ઉત્તર 24 પરગણા, દક્ષિણ 24 પરગણા, હુગલી અને પૂર્વ વર્ધમાન સહિત આઠ ચૂંટણી જિલ્લાઓનો સમાવેશ થાય છે.

તમામ મુખ્ય પક્ષોના નેતાઓ રાજ્યભરમાં રેલીઓ યોજશે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જગતદળના જીલેપી મઠ ખાતે જાહેર સભાને સંબોધિત કરશે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ બેહાલા અને ચંદનનગરમાં બે રોડ શો પણ કરશે.

બીજી તરફ, તૃણમૂલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જીના પણ દિવસ માટે અનેક કાર્યક્રમોનું આયોજન છે. તે જાદવપુરના સુકાંત સેતુથી જાહેર સંપર્ક કરશે. બાદમાં, તેમનો પોતાના મતવિસ્તાર, ભવાનીપુરમાં જાહેર સંપર્ક કાર્યક્રમ છે.

# PM – GANGTOK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સિક્કિમની બે દિવસની મુલાકાતે ગંગટોક પહોંચશે. શ્રી મોદી સિક્કિમના 50 વર્ષની ઉજવણીના સમાપન સમારોહમાં ભાગ લેશે અને તેમની મુલાકાત દરમિયાન ચાર હજાર કરોડ રૂપિયાના અનેક પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

તેમના આગમન પછી, પ્રધાનમંત્રી આજે બપોરે બિરાલુ દ્વારથી એમજી માર્ગ સુધીના રોડ શોમાં ભાગ લેશે. બાદમાં, તેઓ ભાજપના કાર્યકરો સાથે વાતચીત કરશે.

# BJP-AAP RAJYA SABHA MP

રાજ્યસભામાં ભાજપના સંસદ સભ્યોની કુલ સંખ્યા વધીને 113 થઇ છે. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આજે સોશિયલ મીડિયા પોસ્ટમાં માહિતી આપી હતી કે ઉપલા ગૃહના અધ્યક્ષ સી પી રાધાકૃષ્ણને આમ આદમી પાર્ટીના સાત સાંસદોના વિલીનીકરણને મંજૂરી આપી છે. સાંસદોમાં રાઘવ ચઢ્ઢા, ડૉ. અશોક કુમાર મિત્તલ, સંદીપ પાઠક, સ્વાતિ માલીવાલ અને હરભજન સિંહનો સમાવેશ થાય છે. વિલીનીકરણ પછી, ઉપલા ગૃહમાં આમ આદમી પાર્ટીના સાંસદોની સંખ્યા ઘટીને ત્રણ થઈ ગઈ છે.

શ્રી રિજિજુએ આ સાંસદોનું ભાજપમાં સ્વાગત કરતા કહ્યું કે તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપશે.

.

# RAJNATH-SCO MEETING

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આવતીકાલે કિર્ગિસ્તાનના બિશ્કેકમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (SCO) ના સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં હાજરી આપશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી સિંહે નોંધ્યું કે બેઠક દરમિયાન, તેઓ વિશ્વમાં પ્રવર્તતા સુરક્ષા પડકારો વચ્ચે, વૈશ્વિક શાંતિ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડશે. તેમણે ભાર મૂક્યો કે તેઓ આતંકવાદ અને ઉગ્રવાદ માટે શૂન્ય સહિષ્ણુતા પર દેશના વલણને પણ વ્યક્ત કરશે. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે તેઓ અન્ય SCO સભ્ય દેશોના સમકક્ષો અને બિશ્કેકમાં ભારતીય સમુદાય સાથે દ્વિપક્ષીય વાતચીત કરવા આતુર છે. મંત્રી આજે કિર્ગિસ્તાન જવા રવાના થયા છે.

# AP-CM REVIEWS FUEL SHORTAGE

આન્ધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ અધિકારીઓ અને ઓઇલ માર્કેટિંગ કંપનીઓને જાહેર માંગને પહોંચી વળવા માટે પેટ્રોલ અને ડીઝલનો પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવાની તાકીદ કરી છે.

પુરવઠાને સુનિશ્ચિત કરીને સમગ્ર આંધ્રપ્રદેશમાં સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવા નિર્દેશ આપ્યો. ઇંધણની અછતની સ્થિતિની સમીક્ષા કરતા, મુખ્યમંત્રીએ અધિકારીઓ અને તેલ કંપનીઓના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી. અધિકારીઓએ તેમને માહિતી આપી કે છૂટક આઉટલેટ્સ પર વાણિજ્યિક ગ્રાહકો દ્વારા મોટા પાયે ખરીદીને કારણે માંગમાં અચાનક વધારો થવાને કારણે આ અછત સર્જાઈ છે.

જિલ્લા કલેક્ટરોએ મુખ્યમંત્રીને જણાવ્યું કે નાયરા, રિલાયન્સ અને જિયો જેવા ખાનગી ઓપરેટરોએ તેમની કંપનીની માલિકીના આઉટલેટ્સને પુરવઠો સ્થગિત કરી દીધો છે, જેનાથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે.

# ED RAIDS - PUNJAB

પંજાબ પોલીસના ભૂતપૂર્વ ડીઆઈજી હરચરણ સિંહ ભુલ્લર સામેના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ચંદીગઢ, લુધિયાણા, પટિયાલા, નાભા અને જલંધર સહિત સમગ્ર પંજાબમાં અગિયાર પરિસરોમાં દરોડા પાડી રહ્યું છે. આ દરોડા પીએમએલએની કલમ 17 હેઠળ હાથ ધરવામાં આવી રહ્યા છે. EDએ જણાવ્યું હતું કે ફોજદારી કેસના સમાધાન માટે વચેટિયા દ્વારા ગેરકાયદેસર રીતે પૈસા માંગવાના આરોપો સંબંધિત સીબીઆઈ, એસીબી, ચંદીગઢ દ્વારા નોંધાયેલા પૂર્વનિર્ધારિત ગુનાઓ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

એન્ફોર્સમેન્ટ વિભાગે માહિતી આપી હતી કે દરોડાનો હેતુ ગુનાની વધુ આવક શોધવા, અઘોષિત સંપત્તિઓ ઓળખવા અને મની લોન્ડરિંગ સંબંધિત પુરાવા એકત્રિત કરવાનો છે.

# J&K: HEATWAVE

જમ્મુ અને કાશ્મીરમાં, હવામાન વિભાગે જમ્મુ ક્ષેત્રના પાંચ જિલ્લાઓ માટેહીટવેવ એલર્ટ જારી કર્યું છે. જમ્મુ,કઠુઆ, સાંબા,રિયાસી અને ઉધમપુરજિલ્લામાં આગામી બે દિવસ દરમિયાન ગરમ અને સૂકું હવામાન રહેવાની સંભાવના છે, જ્યારે કેટલાક સ્થળોએ હીટવેવની સ્થિતિ છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે લોકોએ કામના કલાકો દરમિયાન ગરમીનાસંપર્કમાં રહેવાનું ટાળવું જોઈએ અને તેમને હાઇડ્રેટેડ રહેવાની સલાહ આપી છે.કાશ્મીરમાં, આગામી 48 કલાકદરમિયાન કેટલાક સ્થળોએ હળવો વરસાદ પડવાની શક્યતા સાથે હવામાન સૂકું રહેવાનીઅપેક્ષા છે. આજે અને આવતીકાલે કેટલીક જગ્યાએ જોરદારપવન અથવા કરા સાથે ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે, તેવી સંભાવના પણ હવામાન વિભાગદ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# IRAN US LEVERAGE

ઈરાન સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘર ગાલિબાફે આજે જણાવ્યું હતું કે ઈરાન હજુ પણ અમેરિકા સામે લડવા  સક્ષમ છે. તમણે કહ્યું કે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દાવાઓનો ફગાવે છે.

તેમણે સોશિયલ મીડિયા પર એક સરળ, ગણિત-શૈલીની પોસ્ટમાં પોતાનો મત સ્પષ્ટ કરતાં  શ્રી ગાલિબાફે કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટ, બાબ અલ-મંડેબ સ્ટ્રેટ અને પાઇપલાઇન્સ સહિત ઈરાનના સપ્લાય કાર્ડ્સ, ઇન્વેન્ટરી રિલીઝ, ભાવની ગોઠવણો જેવા યુએસ ડિમાન્ડ કાર્ડ્સનો  ઇરાન સામનો કરી શકે છે.

# IPL

IPL ક્રિકેટમાં આજે દિલ્હી કેપિટલ્સનો મુકાબલો દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે થશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઈકાલે કોલકાતા નાઈટ રાઈડર્સે સુપર ઓવરમાં લખનૌ સુપર જાયન્ટ્સને હરાવ્યું હતું.

# BAL PURASKAR-NOMINATIONS

પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર 2026 માટે નામાંકન પત્ર  હવે 5 થી 18 વર્ષની વયના બાળકો માટે આ વર્ષે 31 જુલાઈ સુધી ભરી શકાશે. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એ એક પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સ્તરનો પુરસ્કાર છે જે ભારતના રાષ્ટ્રપતિ દ્વારા દેશભરના બાળકોની અસાધારણ સિદ્ધિઓને પુરસ્કાર આપવા માટે દર વર્ષે આપવામાં આવે છે. આ પુરસ્કાર એવા બાળકોને આપવામાં આવે છે જેમણે બહાદુરી, સમાજ સેવા, પર્યાવરણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ અને વિજ્ઞાન અને ટેકનોલોજી સહિતની શ્રેણીઓમાં શ્રેષ્ઠતા દર્શાવી છે.

આ માટે awards.gov.in વેબસાઇટ પર રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ દ્વારા નામાંકન પત્ર ભરી શકાશે . પુરસ્કારો માટે સ્વ-નોમિનેશન અને ભલામણો બંને ધ્યાનમાં લેવામાં આવશે.

# MARATHON

સેબેસ્ટિયન સોવે લંડન મેરેથોનમાં 1 કલાક 59 મિનિટ 30 સેકન્ડમાં રેસ જીતી ઇતિહાસ રચ્યો છે . તે બે કલાકથી ઓછા સમયમાં મેરેથોન દોડનાર પ્રથમ ખેલાડી બન્યો. 31 વર્ષીય કેન્યાના દોડવીરએ કેલ્વિન કિપ્ટમનો 2023નો 2 કલાક 35 સેકન્ડનો રેકોર્ડ તોડ્યો.

આ સાથે જ પહેલી વાર મેરેથોનમાં ભાગ લેનાર યોમિફ કેજેલ્ચા બે કલાકથી ઓછા સમયમાં દોડનાર બીજા દોડવીર બન્યા. તેણે આ દોડ પૂરી કરવામાં 1 કલાક 59 મિનિટ 49 સેકન્ડનો સમય લીધો હતો.

# ISSF SHOOTING FINAL

શૂટિંગમાં, ભારતીય શૂટર્સે કૈરોમાં ISSF જુનિયર વર્લ્ડ કપ 2026 માં 16 ચંદ્રક સાથે ટોચનું સ્થાન મેળવ્યું, જેમાં પાંચ સુવર્ણ , છ રજત અને પાંચ કાંસ્ય ચંદ્રક્નો સમાવેશ થાય છે, જેમાંથી બે ચંદ્રક અંતિમ દિવસે મળ્યા હતા.

હેમંત બર્મને પુરુષોની 50 મીટર રાઇફલ 3 પોઝિશન ઇવેન્ટમાં 351.7 ના પ્રભાવશાળી સ્કોર સાથે રજત ચંદ્રક જીત્યો, જ્યારે કઝાકિસ્તાનના ઓલેગ નોસ્કોવે 355.6 નો જુનિયર વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો, તેણે સુવર્ણ ચંદ્રક જીત્યો. જ્યારે ઉઝબેકિસ્તાનના નિકિતા સોકોલોવે કાંસ્ય ચંદ્રક જીત્યો. મિક્સ ટ્રેપ ટીમ ઇવેન્ટમાં, ઝુહૈર ખાન અને અદ્યા કાત્યાલે કાંસ્ય ચંદ્રક જીત્યો, જે કૈરો મીટમાં ભારતનો પ્રથમ શોટગન પોડિયમ હતો. હંગેરીએ જુનિયર વર્લ્ડ રેકોર્ડ સ્કોર સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો.

ઉલ્લેખનીય છે કે , ભારતે 71 શૂટર્સને મેદાનમાં ઉતાર્યા હતા.

# WORLD TAPIR DAY

આજે વિશ્વભરમાં વિશ્વ તાપીર દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. તાપીરની પ્રજાતિઓ વિશે જાગૃતિ લાવવા અને તેને માનવ અતિક્રમણથી બચાવવા માટે આ દિવસ મહત્વપૂર્ણ છે.

તાપીર એ મોટા શાકાહારી સસ્તન પ્રાણીઓ છે જે દક્ષિણ અમેરિકા, મધ્ય અમેરિકા અને દક્ષિણપૂર્વ એશિયાના જંગલ અને વન વિસ્તારોમાં રહે છે. મોટા શાકાહારી પ્રાણીઓ તરીકે, તાપીર હંમેશા તેમના પ્રદેશમાં માનવ અતિક્રમણથી પ્રભાવિત પ્રથમ પ્રજાતિ છે.